ડો. એચ. કે. ભાવસાર
અધિક નિયામક (તબીબી સેવાઓ)

ક્રમાંકઃ – "મા" અને એ.બી.- પી.એમ.જે.એ.વાય./ લાભ/ ૧૯
કમિશ્નરશ્રી ,આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (પ.ક.), બ્લોક નં.૪, ૧લો માળ,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
તા- ૦૯-૦૫-૨૦૧૯

પ્રતિ,

- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી – તમામ...
- મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી – તમામ...
- તબીબી અધિક્ષકશ્રી – તમામ...
- મ્યુનિસિપલ હેલ્થ ઓફિસરશ્રી – તમામ...

વિષય- "મા" / "મા વાત્સલ્ય" અને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત ઘૂંટણના રિપ્લેસમેન્ટ પ્રોસિજર બાબત.

ઉપરોકત વિષય પરત્વે આપશ્રીને જણાવવાનું કે, ગુજરાત રાજ્યમાં મુખ્યમંત્રી અમૃતમ (મા) / મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય અને આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ પ્રાથમિક, સેકન્ડરી અને ટર્શરી સારવાર માટે કુલ ૧૮૦૫ પ્રોસિજરો માટે વાર્ષિક રૂા. ૫ (પાંચ) લાખ સુધીનો કેશલેસ લાભ આપવામાં આવે છે.

સદર યોજના હેઠળ રાજય સરકારે "મા" અને "મા વાત્સલ્ય" યોજનાના તમામ લાભાર્થી પરિવારોને આયુષ્માન ભારત- પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ મળવાપાત્ર રૂા. ૫ (પાંચ) લાખ સુધીની નિયત કરવામાં આવેલી સારવારનો કેશલેસ લાભ આપવા માટેનો નિર્ણય કરેલ છે. જેથી તા. ૧૪/૦૩/૨૦૧૯ થી યોજનાના લાયક લાભાર્થીઓને ઘૂંટણ અને થાપાના રિપ્લેસમેન્ટની સારવાર માટે કેશલેસ લાભ આપવા નક્કી થયેલ છે.

આપશ્રીને જણાવવાનું કે, હવેથી "મા" / "મા વાત્સલ્ય" અને આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ જે કોઇ લાભાર્થીઓને ઘૂંટણના રિપ્લેસમેન્ટની સારવારની જરૂરિયાત હોય તેઓનું મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી / તબીબી અધિક્ષકશ્રીએ ચકાસણી કરી ઘૂંટણ રિપ્લેસમેન્ટની જરૂરિયાત છે તે અંગેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે. જેના આધારે સદરહું લાભાર્થી યોજના સાથે જોડાયેલી સરકારી કે ખાનગી હોસ્પિટલમાં લાભ મેળવી શકશે.

વધુમાં, આપના જિલ્લામાં ઘૂંટણના રિપ્લેસમેન્ટના નોંધાયેલ લાભાર્થી દાવાઓમાંથી રેન્ડમ ૧૦% લાભાર્થી દાવાઓનું વેરિફિકેશન મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી / મ્યુનિસિપલ આરોગ્ય અધિકારીશ્રીની ટીમ દ્વારા કરવાનું રહેશે. તેમજ આ અંગેનો અહેવાલ દર માસે રાજ્ય કક્ષાએ પાઠવી આપવાનો રહેશે. જેનાથી વિદિત થવા વિનંતી.

અધિક નિયામક (ત.સે.)
આરોગ્ય તબીબી સેવાઓ અને
તબીબી શિક્ષણ (આ.વિ)
ગાંધીનગર.

નકલ રવાના:-

- સ્ટેટ મેનેજર, ઓરિએન્ટલ ઇન્સ્યોરન્સ કંપની, ગાંધીનગર.
- પ્રોજેક્ટ હેડ, એમ. ડી. ઇન્ડીયા હેલ્થ ઈન્સ્યોરન્સ, ટી.પી.એ. પ્રા.લિ., ગાંધીનગર.
- મેનેજર, એન .કોડ .સોલ્યુશન્સ, એ .ડિવિઝન ઓફ જી.એન.એફ.સી., ગીફ્ટ સીટી, ગાંધીનગર.
- તમામ નેટવર્ક હોસ્પિટલો.